# ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ તારું નામ

ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ, તારું નામ જગતમાં અમર છે (૨)

તારું નામ જગતમાં અમર છે, તારું નામ જગતમાં પ્યારું છે

ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ તારું નામ જગતમાં અમર છે

તારા શિખરે ધજાઓ ફરકે છે, તારા સોનાના ઘુમ્મટો ચમકે છે (૨)

એ ઘુમ્મટના, એ ઘુમ્મટના ચમકારે આજે હૈયા સૌના હરખે છે

ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ તારું નામ જગતમાં અમર છે

તારી આંગીમાં હીરલા ચમકે છે, તારી આંગીમાં ફૂલડાં મહેકે છે (૨)

તારા જાપ, તારા જાપ જપીને ભક્ત જનો સહુ, જીવન ઉજ્જવળ માને છે

ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ તારું નામ જગતમાં અમર છે

મારો જીવનપથ છે ભૂલ ભર્યો, સ્વારથનો ઝંઝાવાત નડ્યો (૨)

એ સ્વાર્થ, એ સ્વાર્થ ભર્યા મુજ અંતરમાં, પ્રભુ પ્રેમની જ્યોત જલાવોને

ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ તારું નામ જગતમાં અમર છે

સવિ જીવને મિત્ર બનાવોને, પ્રભુ ભવસાગરથી તારો મને (૨)

ઓ વિશ્વ પ્રેમના, ઓ વિશ્વ પ્રેમના પાઠ પ્રભુજી, ફરી ફરી સમજાવોને

ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ તારું નામ જગતમાં અમર છે

તારું નામ જગતમાં અમર છે, તારું નામ જગતમાં પ્યારું છે

ઓ શંખેશ્વરનાં પાર્શ્વ પ્રભુ તારું નામ જગતમાં અમર છે (૨)

2016-03-22 - https://www.youtube.com/watch?v=byDczK-UsOM